પોલીસ અધિક્ષક ના કચેરી
અટ્રાસીટી શાખા
29 NOV 2004

જાવક નં.: જી-૨/૧૯૨૭/એસ.સી./એસ.ટી./તપાસ/૨૯/૦૪
પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ
અધિકારીની કચેરી, ગુજરાતરાજ્ય,
પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર
તા.૨૩/૧૧/૦૪

પરિપત્ર :

અનુસૂચિત જાતી-જનજાતી (અત્યાચાર નીવારણ) ધારો (એટ્રોસીટી એકટ) તથા નીયમો અંતર્ગત જોતા અનુસુચિત જાતી-જનજાતી (અત્યાચાર નીવારણ) નીયમ-૭ હેઠળ સ્પષ્ટ જોગવાઇ છે કે, એટ્રોસીટી એકટ હેઠળ દાખલ થતા ગુન્હાની તપાસ નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી નીચેના દરજ્જાના ન હોય તેવા અધિકારીશ્રી એ જ કરવી. જેથી ગુજરાત સરકારે એટ્રોસીટી એકટ હેઠળના ગુનાઓની તપાસ કરવા માટે એસ.સી.-એસ.ટી. સેલની રચના કરી અને નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના ૧૫ અધિકારીઓની નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી. એસ.ટી. તરીકે નીમણુંક કરી છે. ગુજરાત રાજયના કુલ પોલીસ જીલ્લા-૨૬ તથા ૪ પોલીસ કમિશનર વિસ્તાર મળી કુલ એસ.સી.-એસ.ટી.ના ૩૦ યુનિટ બને છે. તેની સામે ૧૫-નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી.-એસ.ટી.ની નીમણુંક જોતા કેટલાક કિસ્સાઓમાં એક નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી.-એસ.ટી. પાસે એક થી વધારે જીલ્લાઓ આવે છે, જેના કારણે જીલ્લામાં બનતા એટ્રોસીટી એકટ હેઠળના ગુનાની તપાસ સંભાળી શકે તેમ નથી.

એટ્રોસીટી નીયમની જોગવાઇ નજર સામે રાખીએ તો રાજયના કોઇપણ શહેર/જીલ્લાના નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી/પોલીસ કમિશનર વિસ્તારમાં મદદનીશ પોલીસ કમિશનરશ્રી એટ્રોસીટી એકટ હેઠળ બનેલ ગુનાની તપાસ કરવા સક્ષમ છે. જેથી એક શહેર/જીલ્લામાં એકથી વધુ બનાવો આ એકટ હેઠળ બને ત્યારે નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી.-એસ.ટી. એક ગુનાની તપાસમાં રોકાયેલ હોય ત્યારે બીજા ગુનાની તપાસ માટે ઉપલબ્ધ થઇ શકતા નથી. જેથી એટ્રોસીટી રૂલ્સની જોગવાઇ અનુસાર જીલ્લાના અન્ય નાયબ પોલીસ અધિક્ષકશ્રી/કમિશનર વિસ્તારમાં મદદનીશ પોલીસ કમિશનરશ્રીને આ એકટ હેઠળના ગુનાની તપાસ સોંપવી જોઇએ. શહેર/જીલ્લામાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી/મદદનીશ પોલીસ કમિશનરશ્રી આ એકટ હેઠળના ગુનાની તપાસ પણ કરે છે.

આ એકટ હેઠળના ગુનાની તપાસ માટે રચવામાં આવેલ એસ.સી.-એસ.ટી. સેલ પોલીસ મહાનિરીક્ષકશ્રીના અધિકાર ક્ષેત્ર હેઠળ કાર્યરત છે, અને નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી.-એસ.ટી.ની કામગીરીનું અવલોકન અને મુલ્યાંકન, નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી.-એસ.ટી.ની વીકલી ડાયરીઓ તથા એટ્રોસીટી એકટની કેસ ડાયરીઓનું સુપરવિઝન કરીને તેમની કામગીરીનું અવલોકન અને મુલ્યાંકન કરી જરૂરી માર્ગદર્શન પણ આપે છે.

શહેર/જીલ્લામાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી.-એસ.ટી. સીવાયના શહેરમાં મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા જીલ્લાના અન્ય નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ એટ્રોસીટી એકટ હેઠળના ગુનાની તપાસ કરે છે, તેઓની એટ્રોસીટી એકટના ગુનાની તપાસ સંદર્ભની વીકલી ડાયરી કે કેસ ડાયરી અત્રેની કચેરીના એસ.સી.-એસ.ટી. સેલમાં આવતી નથી, કારણકે નાયબ પોલીસ અધિક્ષકશ્રી ઓ જે તે જીલ્લાના પોલીસ અધિક્ષકશ્રીઓના તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ જે તે પોલીસ કમિશનરશ્રીના સીધા નીયંત્રણ હેઠળ હોય છે. અને તેમની વીકલી ડાયરી કે ગુનાની તપાસની કેસ ડાયરી અત્રેના એસ.સી. એસ.ટી. સેલમાં આવતી નથી. જેથી તેઓની તપાસ ઉપર અત્રેથી કોઇ નીયંત્રણ કે મુલ્યાંકન થઇ શકતું નથી કે જરૂરી માર્ગદર્શન પણ આપી શકાતુ નથી. તેઓની વીકલી ડાયરી પોલીસ અધિક્ષકશ્રી તરફ જાય છે પરંતુ તેઓના સ્તરે પણ એટ્રોસીટી એકટ હેઠળ કોઇ વિશેષ સુપરવિઝન થતુ હોય તેવુ જણાતું નથી. જેથી અન્ય મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રીઓના કિસ્સામાં એટ્રોસીટી એકટ હેઠળના ગુનાની તપાસના સંદર્ભે નીચે મુજબ સૂચનાઓ આપવામાં આવે છે.

TRUE COPY

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.

TRUE COPY

૫૨

(૧) એટ્રોસીટી એક્ટ હેઠળના ગુનાની તપાસ માટે નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.સી.-એસ.ટી. નાઓ જયારે ઉપલબ્ધ ન હોય ત્યારે આ એક્ટ હેઠળના ગુનાની તપાસ શહેરમાં મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા જીલ્લામાં યોગ્ય અન્ય નાયબ પોલીસ અધિક્ષકશ્રીને વિશેષ લેખિત હુકમથી સોંપવી અને જો કોઇપણ મદદનીશ પોલીસ કમિશનરશ્રી/નાયબ પોલીસ અધિક્ષકશ્રી પોતાના અન્ય રોકાણને કારણે ઉપલબ્ધ ન હોય તો આ ગુનાની તપાસ વીના વીલંબે નાયબ પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીએ સંભાળી લેવી.

(૨) એટ્રોસીટી એક્ટ હેઠળના ગુનાની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી/નાયબ પોલીસ અધિક્ષકશ્રી કરતા હોય ત્યારે આ ગુનાની તપાસ પુરતી તેઓની વીકલી ડાયરીની નકલ, ગુનાની તપાસની કેસ ડાયરીની નકલ સાથે ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રી એસ.સી.-એસ.ટી ગાંધીનગરને મોકલી આપવી, આ જ બાબત જયારે નાયબ પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી આ એક્ટ હેઠળના ગુનાની તપાસ જાતે કરતા હોય ત્યારે તેઓને પણ લાગુ પડશે.

(૩) એટ્રોસીટી એક્ટ હેઠળ શહેર/જીલ્લામાં ગુનો દાખલ થાય તે પછી નાયબ પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીએ સ્થળની જાત તપાસ કરવાની રહેશે, અને તેમણે તે પણ જોવાનું રહેશે કે આ ગુનો બન્યો તે સંદર્ભે અગાઉ કોઇ રજુઆત લેખિત કે મૌખિક સ્વરૂપે પોલીસ સ્ટેશનમાં થયેલ હતી કે કેમ ? જો હાં તો આ રજુઆત સંદર્ભે કોઇ પગલા લેવાયા હતા કે કેમ ? અને ગુનો બનતો અટકાવી શકાય તેવી પરિસ્થિતી હતી કે કેમ ? તેની તપાસ કરવી, ફરીયાદ પક્ષને રક્ષણની જરૂર છે કે કેમ ? જો જરૂર હોય તો રક્ષણની વ્યવસ્થા પણ કરવાની રહેશે.

(૪) એટ્રોસીટી એક્ટ હેઠળનો ગુનો બને ત્યારે તેની તપાસ ઉપર નાયબ પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીનું પણ સીધુ નિયંત્રણ રહેશે. જેમ કે ફરીયાદ બરાબર નોંધાઇ, ગુનાની તપાસ નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી જ કરે, આરોપી સત્વરે પકડાઇ, તેમના વિરૂધ્ધ એક તરફી જરૂરી અટકાયતી પગલા લેવામાં આવે, તથા આ ગુનાનુ ચાર્જશીટ ૩૦ દિવસની મર્યાદામાં કોર્ટમાં થાય તે પણ જોવાની જવાબદારી તેમની રહેશે.

(૫) એટ્રોસીટી એક્ટ હેઠળના ગુનાનું ચાર્જશીટ થયા પછી આ કેસ જયારે કોર્ટમાં ચાલવા પર આવે ત્યારે સાહેદોને તૈયાર કરવા, સાહેદોને સમન્સ બરાબર બજાવવા, સાહેદો હાજર રહે તે જોવું, તેઓને ગુનાની હકિકત યાદ કરાવી તૈયાર કરવા અને તેઓ વ્યવસ્થિત જુબાની આપી શકે તે માટે સતત કેસની વોચ થાય તે માટેની જવાબદારી નાયબ પોલીસ કમિશનરશ્રી/નાયબ પોલીસ અધિક્ષકશ્રીની રહેશે, અને નાયબ પોલીસ અધિક્ષકશ્રી કેસની વોચ બરાબર કરે છે કેમ ? તે જોવાની જવાબદારી પોલીસ અધિક્ષકશ્રીની રહેશે.

(અ. કુ. ભાર્ગવ)
પોલીસ મહાનિર્દેશક અને
મુખ્ય પોલીસ અધિકારી
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
(૧) તમામ પોલીસ કમિશનરશ્રીઓ,
(૨) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ,
(૩) તમામ નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ,

નકલ રવાના :
તમામ રેન્જ ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ સારૂ તેમજ
પરિપત્રનો અમલ થાય તે જોવા સારૂ...

TRUE COPY

TRUE COPY

Dy. Supdt. of Police
Prevention of Atrocities on SC/ST &
Weaker Section.
Gujarat State, Gandhinagar.